# :: <u>પરિપત્ર</u> ::

**વિષયઃ– આંતરિક ઓડિટરશ્રીના સુચનો અમલ કરવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીની તમામ કચેરીઓનું તા. ૦૧/૦૪/૨૦૧૪ થી તા. ૩૦/૦૬/૨૦૧૪ સુધીનું (ક્વાર્ટર–૧) નું આંતરિક અન્વેષણનું કાર્ય ઈનાની એન્ડ ઈનાની કું. દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.ઓડિટ દરમ્યાન તેમના ધ્યાને આવેલ ક્ષતિઓ બાબતે સદરહું પાર્ટી તરફથી કેટલાક સુચનો આપવામાં આવેલ છે. **જેની નકલ આ સાથે સામેલ છે.** જેનો ચુસ્તપણે અમલ કરવા વિનંતી.

હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

---

જા.નં.ન.કૃ.યુ./હિનિ/ઓડિટ/ C135-80 /૧૪
તા.૨૭ /૧૦/૨૦૧૪

**<u>નકલ સવિનય રવાના :–</u>**
મેનેજરશ્રી, ઈનાની એન્ડ ઈનાની, (સી.એ.), નવરંગપુરા, અમદાવાદ તરફ જાણ સારૂ

Inani and Inani
Chartered Accountant

## તમામ કચેરીઓને લાગુ પડતા મુદ્દાઓ

### ૧. હિસાબી પધ્ધતિ

- યુનિવર્સીટીની હેઠળની દરેક શાખામાં જે પધ્ધતિથી અત્યારે હિસાબો નિભાવી રાખવામાં આવે છે, તે પધ્ધતિ મુજબ મહત્વના બેલેન્સ જેવા કે બેંક બેલેન્સ, કેશ બેલેન્સની સ્થિતી જાણી શકાતી નથી.

- ઉપરોક્ત તમામ કચેરીઓમાં હીસાબી દ્રષ્ટીએ મહત્વપૂર્ણ બેંક સિલકમેળ નિભાવેલ નથી. કેશ સિલક અને બેંક સિલકની સાચી સ્થિતિ જાણવા માટે ઉપરોક્ત બેંકસિલકમેળ નિભાવવુ જરૂરી બને છે અને આ સિલકમેળ નિભાવેલ ન હોવાથી નાણાંકીય ગેરરીતી થવાની સંભાવનાઓ રહે છે.

  ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખી બેંક સિલકમેળ નિભાવવા માટે જરૂરી માહીતી તમામ કચેરીઓને આપવી જરૂરી બને છે.

- ઉપર દર્શાવેલ કારણસર યુનીવર્સીટીના હિસાબો દ્વીનોંધી નામા પધ્ધતિથી નીભાવવા માટે ભલામણ કરવામાં આવે છે.

### ૨. ટી.ડી.એસ.

- ત્રીમાસીક ટી.ડી.એસ. રીટર્ન માટે ૧૬ શાખાઓ/યુનીટમાંથી માહીતી મળેલ હતી અને બાકીના યુનીટની માહીતી મળેલ નથી. જેની નોંધ લેવા વિનંતી.

- શાખાઓ/યુનીટમાંથી પ્રાપ્ત થયેલ ટી.ડી.એસ.ની માહીતી અનુસાર એવુ જાણવા મળીરહ્યું છે કે શાખાઓ જુન થી ઓગષ્ટનું ત્રિમાસીક ગણી રહ્યા છે, પરંતુ ઈન્કમ ટેક્ષ નિયમાનુસાર બીજા ત્રિમાસીક ના રીટર્ન ફાઈલ કરવાનો સમયગાળો જુલાઈ થી સપ્ટેમ્બરનો છે. જેની માહીતી દરેક શાખાને આપવી જરૂરી છે. અને આ સાથે એ પણ જણાવવામાં આવે છે કે જુલાઈ થી સપ્ટેમ્બરના બીજા ત્રિમાસીક મુજબનો ડેટા મોકલવામાં આવે.

Inani & Inani

**Inani and Inani**
Chartered Accountant

> <u>ટી.ડી.એસ માહીતી મોકલવા માટેની સુચનાઓ</u>

- ટી.ડી.એસ માહીતી ઈન્કમટેક્ષ નિયમ પ્રમાણેના ત્રિમાસીક ગાળામાં મોકલવી.
- ઈન્કમટેક્ષના ત્રિમાસીક ગાળા આ પ્રમાણે છે.
  એપ્રીલ થી જુન
  જુલાઈ થી સપ્ટેમ્બર
  ઓક્ટોબર થી ડીસેમ્બર
  જાન્યુઆરી થી માર્ચ
- ટી.ડી.એસ. ની માહીતી ત્રિમાસીક ગાળો પુરો થયા પછીના દસ દીવસની અંદર મોકલી આપવી.

Inani & Inani